શ્રી

[illegible]નો ગરબો.



[illegible]

[illegible] ઉમેદવાળા.

[illegible] અમદાવાદ

આવૃત્તિ પહેલી [illegible]

[illegible]

[illegible] અમદાવાદ.

[illegible]

પ્રેમ, શૃંગાર, હાસ્ય અને કરૂણા રસથી ભરપૂર!

એક ચરિત્ર નોવેલ.

દર્દે અંજામ

યાને

મોતનો પેગામ.

ભાગ ૧ લો મુલ્ય ફક્ત આઠ આના ટપાલ ખર્ચ જુદુ

ભાગ ૨ જો (પુરો) મુલ્ય ફક્ત આઠ આના ટપાલ ખર્ચ જુદુ

જેમાં—હોળી, ધુળેટી જેવા તહેવારોમાં નિર્દોષ ગમ્મતથી પેસતી સમાજમાં બદી, વિચારી જીવનમાં ગમ્મે તેવા ભા, ભાગને, ... નહિ હોવાના પરિણામે તેમની થતી દુર્દશા, પઈસાદાર કુટુંબની છોકરીઓને ગરીબ સાસરામાં સમાવા કરતાં નડતી મુશ્કેલીઓ; નિષ્ઠુર સાસરો અને નાદાન ધણી ... પાછળ પડેલી પ્રેમદાની કર્મ કથા! પુત્ર લાલસાની વૃત્તિના અર્થે પતિ પ્રભુને તજી પરપુરુષ સાથે નહિ ... અબળાઓની અધમ દશા! વિગેરે ચાલુ જમાનાના વિષયોથી ભરપુર આ પુસ્તક કે. માટે તાકીદ મંગાવો.

અન્ય ભાગ જેવા ... ટપાલ ખર્ચ જુદુ.

પ્રકાશક—હીરાલાલ મગનલાલ ઢુંઢવાળા.

કાલુપુર રોડ—અમદાવાદ.



શ્રી ગણેશાય નમઃ

શ્રી નર્મદાજીનો ગરબો.

શ્રી નર્મદાજીનો ગરબો.

રેલનો કોપ.

છપો.

શ્રી દુંદાળો દેવ, સેવા કરૂં શુંભ રીત્યે;
પ્રથમ નમુ તુજ પાય, સાહ્ય કરો પુરણ પ્રીત્યે.
શ્રી સરસ્વતી આપો વાણ, જાણુ જગતમાં થાએ;
નમુ તમારે ચરણ, શરણ રાખો મુજ.
વ્યાપક છો મા વીસ્વમાં; અગમ નીગમ તારી ગતી,
રૂડુ દેહાને રીઝવું, સાહ્ય કરો મા સરસ્વતી.

રાગ ગરબો.

શ્રી શંકરસુતને લાગુ પાય કે, સાંભળ સરસ્વતીરે લોલ;
વંગે વાણી આપો માત, કરો મન રૂડી મતીરે લોલ.
સંવત ઇઠોતેરની સાલ કે, સાંભળ કહું કથારે લોલ;
ચઉદસ વદ ભાદરવા માસ કે, પીત્રી દીન હતારે લોલ.
નીરમલ નર્મદા રૂડુ નામ કે, આપ વીચાર્યાંરે લોલ;
પ્રગટયું દુનીયા કેરૂં પાપ કે, જઇ પ્રલે કરૂંરે લોલ.
એવું આપ વીચાર્યું મન કે, ત્યાંથી નીસર્યાંરે લોલ;
ચોલી માહેશ્વરના લોક કે, તેહમાં જઇ ભળ્યારે લોલ.
વીધાચલ પરવત પાહાક, દીસે તોટા રંગમાંરે લોલ,

આવાં શુલપાણીને ચરણે કે, નીરમળ નરમદારે લોલ
માનું મહેશ્વરનું કહેણ કે, પ્રીતે પાછાં વળ્યાંરે લોલ;
આવાં પાછાં પોતાને અવાસ કે, મુકી આમળોરે લોલ,
એવે કઉતક થયું એક કે, સરવે સાંભળોરે લોલ;
આવો યવન આણે દેશ, માતાજીને કાંઠડેરે લોલ;
ચોડા જુડા ગામે ગામ કે, ભાયે પાણી ભરૂરે લોલ;
માએ મનમાં આણી રીસકે, તે પર કોપીયાંરે લોલ;
એશું જાણુંરે યવન કે, પોતે ઠાપીયાંરે લોલ;
એમ કરી કરૂ જુગતપર જાર, નીશાનાં લોપીયાંરે લોલ;
નદીઓ સરવેનું વરણન, સભા સહુ સાંભળોરે લોલ;
હવે તેહનો કહું વીસ્તાર કે, ગુજપર દયા ધરીરે લોલ
ઉમીયા દેવી કેરા દાસ કે, કીંકર જાણુંવારે લોલ;

છપ્પો

શ્રી શંકર સરખા ભુપ રહે શકતીને શરણે,
રૂશી અઠાશી સહસ્ત્ર નમે નીત્ય મા ચરણે;
નવસે નવાણું લેહેર ઘેર દરશને આવે,
તત્રીસ કરોડ કરજોડ મુગતાફલે વધાવે;
એવો મહીમા માતનો, દાશ ઉમયો એમ ઓચરે;
શીવ પુત્રીના સમરણ થકી, લખચોરાશી ફેરા ટળે,

છપ્પો

આવુ નવસે નવાણુ લાગુ કહેવાયરે,
હમને ઠામ આપોની કહું રેહેમાયરે;

કહે આજ્ઞા હમારી પાળોરે,
પેહેલા જીવનને હાંથકા કાડોરે;
પેલી પાળની નદીઓને તેડાવોરે,
સંભાલતામેં તે સહુ આવીરે;
ઉઝએરણુને ઔર ઘણી આવીરે,
તેતો સરવે નદીઓને તેડી લાવીરે;
ચડોતરમાં જાણું મહીમા તેર,
વીશ્વામીત્રીને તેડી લાવ્યાં સાથરે;
આવ્યાં ગોકુળથી જમુના ધાઈરે,
વાટે મળ્યાં છે ખીપ્રા બાઈરે;
તેણે સાથ સંગાત તેડી કીધોરે,
બીજી નદીયો આવી ને કારજ શીધોરે;
વાટે આવતાં રત્નાવલી દીઠીરે,
સાથે આવ્યાં છે તું મા મીઠીરે;
ઠાકર જંગખુવોને રાગવરાણીરે,
તેનું આકાશ ઉછલું પાણીરે;
સરવ મંડળ તંતર મળ્યું ટોળેરે;
દેહાને વામ આવી બોલેરે,
થયું નવશેહે નવાણું એક રાશેરે;
સહુ આવી ઉભા નરમદા પાસેરે;
તેત્રીશ કરોડ આવ્યા જલ વેશથીરે,
ગંગા ભાગી આવ્યાં પુરવ દેશથીરે;

આવ્યાં સરસ્વતી રેવંતી નેગો મતીરે,
રેવા રૂપે આવ્યાં ચોસઠ જોગણીરે;
નીરમલ નરમદાની આગન્યા જાણીરે,
એવે આકાશ ઉછલું પાણીરે;
ધરૂજી ધરાને કંપ થયો શેસરે
જલ રેડતા આવ્યા તે બાર મેધરે;
કે વીસ્તાર કરતાં તે લાગે વારરે,
કહુ સરવે નદીઓનાં વરણુંમરે;
હાક વેકુંઠમેં માની વાગીરે,
ચંદ્રમાને સુરજી ઉઠી જાગીરે;
બ્રહ્મા વીશ્નુ રૂડે જાણી વાતરે,
નીસ્ચે કોપીઆ નરમદા માતરે;
ચાલો પ્રથવી ઉપર જોવા જઇએરે.
સાચી દેવીનાં દરશન કરીએરે.
ત્રણુ દેવ આવ્યા પુરણુ પ્રીતથીરે;
વધાવ્યાં રૂડુ દેહાને રૂડી રીતથીરે,
સમુદ્ર દેવી જઇ મલજોરે;
દીવસ પાંચમે તે પાછાં વળજોરે,
સરવે નદીઓ તે સાવધાન થઇઓરે;
ગાહેશ્વરી નગરમાં ગાઇઓરે,
તે ગામના રાજાને તાણ્યુંરે;
તેને બાડ ભુતેશ્વર આણ્યુંરે,

ઢાંક મોગગાની જાયરા જોઇએરે;
મન માતનું રહ્યું છે મોહીરે,
પુન્ય પ્રાક્રમ પ્રગટુ દેવીરે;
મન મગને વાત થઇ કેવીરે,
આદીશ્વરને શુલપાણીરે;
તેની દયા દેવીએ જાણીરે,
મોખડીને ગોરાને બે તાણીરે;
ગેઇડેશ્વરનો તે કોટ નાંખ્યો તોડીરે,
હે રાય તુમડીમે ધાક માની વાગીરે;
તલકવાડુ તે નાંખ્યુ તોડીરે,
જોઈ માંધરોશની આંબલી ખોડીરે;
મોટા માંધરોલમે પેઠુ પાણીરે,
લોકે ખાટલા બાંધ્યા તે આડ તાંણીરે;
જન ઝાહડે ચડીને ઠરીયુંરે,
એણી રીતે તે પાંણી ફરીયુંરે;
બીજાં નાનાં મોટા જે ગામમાંરે,
તે સરવેના કેડાં ઠામરે;
એવું કેતામે જાયોર જોયુરે,
તેહેનું ઢોરને ઢાંક સરવ ખોયુંરે;
કુંભનાથનું દરશન કરીયુંરે,
પાંણી પાછું પંથે પરવરીયુંરે;
પાપ કન્યાલીનું પ્રગટ થયુંરે

પરેવર તણુઇને ગયુરે;
કુવેર દેવને તેડા આ રીતરે,
પાણી પાછું વળ્યું તે પુરણ પ્રીતરે;
માંડવાને તે મારગ વળીયુરે,
મેસાઇજીનું દરશન કરીયુંરે;
અંકુવતીનો ચોક અડધો જોયોરે,
સરવે વેપારીનાં દાણા ફરી ખોયોરે;
દાશ ઉમયો વીવેકથી કેહેરે;
પાણી પુરણ જોરમાં વેહેરે:

છપ્પો

શ્રી શંકરીને પ્રતાપ વાસ અસ્ટાદશ દે છે,
શ્રી શંકરીને પ્રતાપ શેશ પાતાળે રહે છે;
શ્રી શંકરીને પ્રતાપ જાગ કોઇ જાણે નહીં.
શ્રી શંકરીને પ્રતાપ વાસ કઇલાસ રેછે,
શ્રી શંકરીના પ્રતાપથી અચલ બુદ્ધિ આપે ઘણી;
કરજોડી કહુ માવડી આશા પુર ઉમયા તણી.

દુહો.

આશા ઉમયાને તમ તણી, ગુનો સહુ કરજો માફ;
કરજોડીને કરગરૂ, જો અચલ બુદ્ધિ આપ.

રાગ ગરબો.

નાંહાંથી તે પાણી પરવરયું, પોઇછામાં પેઠું.
નંદેરીયુ નગ જેટલુરે, જટ ઝડપીને લીધું

નરણકુંડા સામુ ભાળીયુરે, નરનારાયણ દીઠા.
નારાયણની મરજાદાથી પાણી પાછુરે વળીયુ
માંલેથામે મળપતુરે, પાણી ચોફેર ચાલ્યુ.
હરીઆપુરાને ઝાંપથી, પાણી હાંસેટ પડીયું
વ્યાજી પડીયા વેહણમાંરે, દેવીએ રાખ્યું.
શારગ પડી સુખદેવનીરે, રૂડા રૂઠને રાખ્યુ
કર ગંગા કરજણછેરે આવી માતાને મળવા.
ખોરી ગધી ખરકાલનેરે ચાલી ઝાંઝડ જોવા.
પાટણ પાણી મેડાટોયુરે, ધાબ આંચાથી કીધી
વરણાડની ભેખડે અથડીને, આલી આંચીથી લીધી
ઉનકેશ્વરને જોઇનેરે મન મથેશ્વર પેઠુ
સનશો આ અંબાલીનેરે આન દમે રાખુ
આણી નાગેશ્વરને જોઇનેરે પાણી પાંસરૂ ચાલ્યું.
સોભાગ્ય સુંદરીના સાહેથીરે. કણ જોયુરે રાખુ.
બાંડારેશ્વરને બોલવીરે માગે મંડપ જોગો.
ખુસા ફુલીઆનો ખાદલોરે, આપે એવારો ભોગો.
સીશોદરામે સંચરયાંરે, પાણી પાછલથી આવ્યાં
સેન્યાપુર સામુ ભાલીયુરે, સામાં દીઠા હુંદાલો.
ઉમયાના પુત્રને નીરખીનેરે, દેવીએ દીધો ટીલો
રહીઆ ખાડી આવી ચોંચીથીરે કાજ રોજને ખોદુ
સ્વામી કારતીકને જોઇનેરે બામેશ્વર મલીયાં
રાજાપરૂને નાવડરે, ઝટ ઝડપીને લીધું;

અંગારેશ્વર આનંદમાંરે, ડેરૂ દેવીએ રાખ્યું
માલસર માંણી મલપતુરે, પાણી ચોફેર ચાલ્યુ
અસામે જઇને આથડુરે, દુખ લોકોને દીધુ
પરતો તે જાણી ગીરનોરે, માએ સામુરે ભાલું;
રેવા મારણુમાં જુજતીરે, ચાલે આનંદ કરતી
પાંણેથાની પાધરીરે, વાટ વેગેરે ઝાલી;
દુખ દીધું દેશાઈનેરે તેનો અંતજ આણ્યો
પાપીનાં ઘર પ્રલે કરીરે, તે તો નાખ્યાં છે ખોદી;
રાખુરણાપોર કોઠીયું રે, દેરોલીરે રાખી
હીરજીપરૂને ભુતીઉરે, ફતેપોરમાં ચાલી;
કાંણીરા કાણેશ્વર તણાંરે મોકલેથી મળીયાં
ઇંદોરને અકલાવીયું રે, દેવીએ દીધી ધમકી
બુમ પાડી લીલોડમાંરે, વાસણામેં વલીયાં
વસ્તી બધી વેલુ ગામનીરે, તે તો રહી છેરે ચમકી,
ભાવટ ભાગણું ભાગીયું રે, હાઅર ખોદીને નાખુ
આવું પાણી પડુ સાસરૂરે, આલમપરૂરે ઝાલુ
સાગરનાથને શોધીનેરે, ત્યાંથી વેગળા નાખા
લીલાપરના લોકનેરે, આદીતેશ્વરે રાખા,
કાકલપોર વર વાંણા નીરે, વાત વેગે ઝાલી;
કદમપુરીને જોઇને, માતા વેગે ચાલી,
બીજાં ગામાં મુકાં જુલતાંરે, દયા દેવીએ કીધી,
કુતનપુર કુવેરનીરે, અડધી આંટવી લીધી.
બાલ થઈ બંડારીનેરે, આપે ઉગારી લીધી.

છપ્પો.

આનીતેશ્વર છે અરણુ શરણુ શકતી જા મલીઆં
મૈશાગરને માથે જઈ, ભરમેશ્વરનાં ભલીઆં
જલની ધીર જલ દેવ. કર કુહાડે બહુ હડીઓ
કીધો બારે ઘાટ, ઘાટ ઘાંચીનો ઘડીઓ
ઘર રાખુ ઘાથલ તણું, પડવાડે અડકાં જઇ
દયા આણી દાભી પેર, પોતે આપ નીકલાં વહી
નાંની કોરલગાં નીર, ઝાલી ઝાંપાની વાટ
પીવે પલે ઓવારે ફાટાં, ભાવ ભરામણની આશારો
કસર કશી નહીં ખાકી, શાંચર શેરી માંહે
લાજ લોકોની રાખી, આસાપુરી સામા આવીને
પવીત્ર કીધો આશરે, સામું ભાલું ભગવતીઓ
લખો ઉમયાદાસને,
શ્રી નીરમલ નર્મદામાત, આપ ચઉટામાં ચાલે
શીવ પુરી કરવા શાહ, માત નગરી હેની હાલે
અડધું નગર અનુપ, શરૂપ શક્તીએ જોયું
દીઠો ત્યાં દરબાર, આ શન્ત મન માતાનું મોહું
શાંભી હશી દીઠી શરવની, ઘન ઘન ગામના
ભક્તિ કરજો માહારી, નવખંડમાં થાશે નામના

રાગ ગરબો.

આશાપુરીને આશરે; કુવેરે કીધી શાહે
પાણી તે પાછું પરવરયું, ત્યાંથી આગળ જાએ

રૂડી રેવાએ વીચારીયુંરે, આતો ગુપ્ત કાશી.
રંગે તરેલું એહને, ચાલો પંથને રાશે
આશાપુરી સામાં આવીનેરે, માએ દરશન દીધુ
ઓલખો ઉમયા દાસને, આપે ઉગારી લીધો
શામલશા શેઠના પુન્યથી, ભંડારીએ સાંભરે ભાલુ
ત્રીશુલ જાલી હાથમાંરે, પાણી પાછુંરે વાળ્યુ
આગળ જાતાં માનવીરે, સાંમ ખાઈરે મલીયાં
પુજા તે કીધી પ્રીતથી, પાછાં પંથે પલીયાં
બંચીશુ રૂઠને જાલીયુરે, દેવી આવ્યાં છે આપ.
બાલોદ સામુ ભાલીયુરે, દીઠુ પુરણુ પાપ
છાપીઓ ઓવારો છલીનેરે, ચાલાં આગળ આપ.
રામેશ્વરનુ રીજમેરે, માએ દરશન કીધું
માંહે માંહે ભાટ વડી મુવા, મૃત્યુ માગીને લીધુ
લાકડાં લોકોને વેધીનેરે, પાણી ખાંણુમે પેઠુ
કરમે કોઠીઓ ફાટીઓરે, ઘરા ઘેરડી બેઠાં
અડધુ ગાંમ ગનીમનુરે, રૂડુ દેહાએ રાખ્યુ
વાજાનો ભાગ ભાગી પડયોરે; થાણું ખોદીને નાંખ્યું
ટોડીદરાની પારમાંરે, દેવી પાંસરાં ચાલ્યાં
ખોરી તરત રસીલી તોડીઆંરે તેની વંશજ કાડી
ઓર ઉખેડી નાંખીયારે,
પોરામે વેણી પરવરયુરે, ખેતી સારીજ દીઠી
કારગી કાકરી ફરી વલીરે, સજલી ભાંય સુતી

જાણુરમે મા જાઈ ચડાંરે; માતા મનમેરે હરખાં
ચઉટાં ચોકને શેરીઓરે, માએ પ્રીતે નરખાં
ધરમશાળા ધોઈનેરે અંગારેશ્વર લીધુ
નીક વરાને નરખીયુરે મંગળેસર ળીધુ

કબીરવડના બેટમાંરે, માએ રણ મચાવું
શુકલ તીરથમાં જઈ ચડાંરે, માતા મન વીચારૂ,
આતો પુરી હુમકારની, તેહને કમ ઉપાડુ
વરી વીમાસે મનમાંરે, આતો જીવનનું ગામ
ઉરૂ રાખુ હુકમકારનુંરે બાકી ફેકુ ઠામ
રાણી રૂપારેલ આવીઆરે, સાથે ભુડવા લોગી
પોરા પ્રાંકડ વધેરીયારે, સહુને કીધાં જોગી

લાડુ વાવડનેરે, જીધડીઆમાં આવું
ગુવાલી ગામને ગાંદરેરે, માયે રાણ મચાસું
ભીંડાને ભાવે ભાંગીનેરે, તવરા નાંખ્યા છે ખોદી
જાડેશ્વરને જાયડુરે, તેની ખોડજ ગાંડી
દશા સમેધના પુન્યથીરે, માએ દરશન કરીઆં
પેહેલા પરામે પરવરયારે, શેહેરમાંય સાંચરીઆં

ભાંગા ભરૂચના કાંગરારે મન માતનું મોહ્યું
દુષ્ટના દરબાર તોડીઆરે તેનું સરવસ્ત ખોયું
નીરમલ નરમદા નીરખતાંરે, રૂડી ચઉટાની વાટ
બંદીવાન છોડાવીનેરે, આવ્યાં આગળ આપ

ગુજરીના ઘટમાં આવીનરે માએ કોપજ કીધો
કતકપોરના કોટને માએ તોડી લીધો
કુરજા ઉપર આવીનેરે માએ ચોદસ ભાલુ
વસ કરૂ વડવાહનનેરે, ગામ કાંસીયુ ઝાલુ
નામ હણહન મોનીયુરે, ખોદુ ભારીઉ નાઠા
મેહેર કરી મેહગામમાંરે, દીવા ભેગઆં દેવી
ધન્ય જીવુ છે તેહનુરે; જેણે નરમદા સેવી
ભાંડ ભુતને ભડકાવીઉરે, જટ લીધુરે જાલી
દરશન કરવા દેવનુરે, ત્રીપુરા તાંહાં ચાલી
કાલંદ્રીને કાંઠડેરે, ભર દરીઆમાં ભલીયાં
વેગલી મેલી વેગાણીરે સુવામાંય સાંચરીઆં
લાજ રાખી લાહેસ્વર તણીરે; ફરી શરમનાંફાતા
પડવે તે પેલા પોરમાં; સારકરી જાઈ સમાઆ
દરીઆને કાંઠડેરે દેવી મુકો મનનો કાલ,
જીવન જો ચંડાલરે તેને ચાંપો પાતાલ
બીજે તે બધા સાથની; સંભાલણા કીધી;
અમર કંટક ભણી આવવારે ખરસ્ટ દેવીએ કીધી
જોરે જોરકનો જીવનનરે જીતાં જીવની માતા,
પાછાંને વલીઆં પલકમાંરે, નવસે નવાણું સાથ
વૃધ નાનાંને નારીઓરે સાંભળશેને ગાશે
ઉમયા કહે અંન દમેરે; તેતો કઇલાશ જાશે

સમાપ્ત.

ગૃહસ્થો આપના બાળબચ્ચાંઓને પવિત્ર ને પ્રેમી કરી ઘર
સંસાર સુધારવા માગતા હો તો [illegible] મંગાવો ને વંચાવો.

પવિત્ર લલિતા

અને

તરૂણ યોગી



[illegible] આ નવલ કથામાં મનુષ્ય જાતિને [illegible] દુઃખ [illegible] બનાવોનો ચિતાર આ પુસ્તકમાં આબેહુબ આપેલો છે, [illegible] છે, તે પણ સારી રીતે દર્શાવ્યું છે. પતિ [illegible] પવિત્ર સ્ત્રીને શું શું દુઃખ પડે છે, અને પતિ પત્નિના પ્રેમ કેવા નિ- ર્મળ છે તેનો આબેહુબ ચી- તાર આલેખવામાં આવ્યો છે

માટે [illegible] તેની મોટી કીંમત રૂ. [illegible] આઠ આના [illegible] છે માટે [illegible] ટપાલ ખર્ચ [illegible] વી. પી. થી [illegible]

મળવાનું ઠેકાણું—

[illegible] મગનલાલ [illegible], રાયપુર [illegible]—અમદાવાદ.

મધુકાન્તા

અને

મેવાડની સિંહણ

